# કર્ણાટક ભાજપમાં કટોકટીનો અંત

બેંગ્લોર,તા.૨

ભાજપ હાઈકમાન્ડના આક્રમક વલણ બાદ મુખ્યમંત્રી ડીવી સદાનંદ ગૌડાને બદલી નાખવાની માંગણી કરીને રાજીનામુ આપી દેનાર નવ બળવાખોર પ્રધાનોએ તેમના રાજીનામા પાછા ખેચી લીધા હતા આની સાથે જ ભાજપમા શુક્રવારથી ચાલી રહેલી કટોકટીનો અંત આવી ગયો છે.ભૂતપૂર્વ મુખ્યમંત્રી યેદિયુરપ્પાના વફાદાર નવ બળવાખોર પ્રધાનોએ તેમના રાજીનામા પાછી ખેચી લીધા છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી યેદિયુરપ્પાના નેતૃત્વમા બળવાખોર કેમ્પની આજે સવારે મીટિંગ યોજાઈ હતી. આ જૂથે તેમનુ અગાઉનુ વલણ અને નિવેદન પણ બદલી નાખ્યુ હતુ અને કહ્યુ હતુ કે કર્ણાટકમાં રાજકીય કટોકટીનો ઉકેલવા માટે હાઈકમાન્ડને કોઈપણ પ્રકારની મહેતલ આપવામા આવી નથી. અંસતુષ્ટ નેતા બસવરાજ બોમ્માઈએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે પક્ષને કયારે પણ કોઈ મહેતલ આપી નથી. રવિવારના દિવસે ૫૫ ધારાસભ્યની બેઠક બાદ બળવાખોરોએ ગૌડાને બદલી નાંખવા હાઈકમાન્ડને પાંચમી જુલાઈ સુધીની મહેતલ આપી હતી. નવા નેતાની પસંદગી કરવા માટે પણ ધમકી આપવામા આવી હતી. અસંતુષ્ટ સભ્યોએ કહ્યુ હતુ કે જો નવા નેતાની પસંદગી કરવામા નહી આવે અને ગૌડાને બદલવામા નહી આવે તો સમાંતર મીટિંગ યોજવામા આવશે. ભાજપ પ્રમુખ નીતિન ગડકરી તરફથી કઠોર ચેતવણી



આપવામા આવ્યા બાદ નારાજ સભ્યોએ તેમના રાજીનામા પાછા ખેચી લીધા હોવાનુ જાણવા મળ્યુ છે. ગડકરીએ યેદિયુરપ્પાને એમ કહ્યુ હોવાનુ જાણવા મળ્યુ છે કે જો રાજીનામા પાછા ખેચી લેવામા આવશે તોજ નેતાગીરીમા ફેરફારના મુદ્દે ચર્ચા કરવામા આવશે. બળવાખોરો પક્ષને બ્લેકમેલીંગ કરી શકે નહી. મુખ્યમંત્રીએ આજના ઘટનાક્રમનુ સ્વાગત કર્યુ હતુ. બંને કેમ્પના સમર્થકો દિલ્હી જવા રવાના થયા હતા. અસંતુષ્ટ કેમ્પો ગૌડાને બદલી નાંખવા પાંચમી જુલાઈના દિવસે નોટિસ આપી હતી. લિંગાયકતના શક્તિશાળી નેતા જગદીશ સેત્તરને મુખ્યમંત્રી બનાવવા અસંતુષ્ટ કેમ્પે તૈયારી બતાવી હતી. યેદિયુરપ્પાના સમર્થકો ખૂબ જ નારાજ દેખાઈ રહ્યા હતા. રવિવારના દિવસે સેત્તારના નિવાસ્થાને મીટિંગ પણ યોજાઈ હતી. ભાજપમા કટોકટી ઉકેલાઈ જતા આખરે મોટી રાહત થઈ છે. કટોકટીના કારણે ભાજપ હાઈકમાન્ડની ચિંતા પણ વધી ગઈ હતી. દક્ષિણ ભારતમાં ભાજપની પ્રથમ સરકારની પણ રાહત મળી ગઈ છે. બળવાખોર સભ્યો ઓછઆમા ઓછા ૮૦ ધારાસભ્યોનો ટેકો મેળવવાની યોજના બનાવી રહ્યા હતા. ૮૦ અથવા તો તેનાથી વધુ ધારાસભ્યના ટેકા સાથે બળવાખોર ગ્રુપે દાવો કર્યો હતો કે ભાજપના મુળભૂત સભ્યો હવે એકમત દેખાઈ રહ્યા નથી. આજે સવારે એકાએક બદલાયેલા ઘટનાક્રમમાં યેદિયુરપ્પાના સમર્થકો માની ગયા હતા. રાજીનામાઓ પાછા ખેચી લીધા હતા.

## ૨૦૧૧માં ૧૪૦૦૪ ખેડૂતોની આત્મહત્યા

નવી દિલ્હી,તા.૨

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના નવા અહેવાલમાં જણાવવામા આવ્યુ છે કે વર્ષ ૨૦૧૧મા દેશભરમાં આત્મહત્યા કરનાર ખેડૂતોની સંખ્યા ૧૪૦૦૪ નોંધાઈ છે. આ આકંડો ચોક્કસપણે ચિંતા ઉપજાવે તેવો છે. આકડામા જણાવવામા આવ્યુ છે કે અલબત્ત અગાઉના વર્ષની સરખામણીમાં ખેડૂતોની આત્મહત્યાની સંખ્યા ઘટી છે. અગાઉના વર્ષમાં ૧૫૯૩૩ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. છત્તીસગઢમા વર્ષ ૨૦૧૦મા ૧૪૧૨ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી પરતુ ૨૦૧૧મા રાજ્યમા અકંદરે કોઈપણ ખેડૂતે આત્મહત્યા કરી નથી. ખેડૂતોની આત્મહત્યાના મામલામાં મહારાષ્ટ્રનો રેકોર્ડ હમેશા ખરાબ રહ્યો છે. વર્ષ ૨૦૧૧માં મહારાષ્ટ્રમાં ૩૩૩૭ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. આ આકડો અગાઉના વર્ષ કરતા ઓછો છે અગાઉના



વર્ષમા રાજ્યમા ૩૧૪૧ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. આકડા દર્શાવે છે કે ખાસ રાહત પેકેજોની અસર વધારે દેખાઈ રહી નથી. વિદર્ભ પ્રદેશ અને બુંદેલખંડ વિસ્તારમા વારંવાર દુષ્કાળની સ્થિતિ સર્જાય છે વર્ષ ૨૦૦૪ અને ૨૦૧૧ વચ્ચેના ગાળામા એકંદરે આકડો ઘટ્યો છે. વર્ષ ૨૦૦૪મા ખેડૂતોની આત્મહત્યા સૌથી વધુ નોંધાઈ હતી. વર્ષ ૨૦૦૪ બાદથી કેન્દ્રમાં યૂપીએ સરકાર આવ્યા બાદથી આત્મહત્યા કરી ચુકેલા ખેડૂતોની કુલ સંખ્યા ૧.૧૮ લાખ નોંધાઈ છે. વર્ષ ૨૦૦૪ બાદથી ગુજરાત, કર્ણાટક અને ઉત્તરપ્રદેશમા આત્મહત્યાનો પ્રવાહ વધ્યો છે. આસામ જેવા રાજ્યોમાં આકંડો ચિંતા ઉપજાવે છે. ઉત્તર પૂર્વીય રાજ્યોમા વર્ષ ૨૦૧૦માં ૨૬૯ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. જેની સરખામણીમા ૨૦૧૧મા ૩૧૨ ખેડૂતોએ આત્મહત્યા કરી છે.

## પુરગ્રસ્ત આસામ માટે ૫૦૦ કરોડના પેકેજની જાહેરાત

### મનમોહનસિંહ, સોનિયા ગાંધીએ પૂરગ્રસ્ત વિસ્તારોના હવાઈ નિરીક્ષણ કર્યુ

### બચાવ કામગીરીને પ્રાથમિકતા : મૃતકોના પરિવારને એક એક લાખ અપાશે

ગુવાહાટી,તા.૨

પુરગ્રસ્ત આસામ માટે વડાપ્રધાન મનમોહનસિંહે આજે ૫૦૦ કરોડના પેકેજની જાહેરાત કરી હતી. તાજેતરના સમયમાં સૌથી વિનાશક પુરની સ્થિતિનો સામનો કરી રહેલા આસામ માટે આજે પેકેજની જાહેરાત કરવામા આવી હતી. પુરના કારણે આસામમાં ૭૭ લોકોના હજુ સુધી સત્તાવાર રીતે મોત થઈ ચુક્યા છે. જ્યારે આશરે પાચ લાખ લોકો બેઘર થઈ ચુક્યા છે. સિંહ અને યૂપીએના ચેરમેન સોનિયા ગાંધીએ આજે જોરહાટ, ધેમાજી અને દક્ષિણ દિનાચકુરના પુરગ્રસ્ત વિસ્તારોનુ હવાઈ નિરીક્ષણ કર્યુ હતુ. સાથે સાથે રાજ્યના જુદા જુદા ભાગોના જાનમાલના નુકસાનની વ્યાપક સમીક્ષા કરી હતી. તેમણે માર્યા ગયેલા ૭૭ લોકો પૈકીના દરેકને એક એક લાખ રૂપિયાના વળતરની પણ જાહેરાત કરી હતી. આસામના



રાજ્યસભાના સભ્ય મનમોહનસિંહે કહ્યુ હતુ કે લોકોને બચાવી લેવા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામા આવશે. પુરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા લોકોને અન્યત્ર ખસેડવામા આવશે. તેમને રાહત આપવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામા આવશે. તેમણે ઉમેર્યુ હતુ કે નેશનલ ડિઝાસ્ટર રિસપોન્સ ફોર્સની ૧૬ ટીમો સેવામાં લેવામા આવી છે. જેમાં ૬૪૦ કર્મચારીઓ, ૭૧ નૌકાઓનો સમાવેશ થાય છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. સેનાના ૭૫૨ જવાનોની સેવા પણ રાહત અને બચાવ કામગીરીમા લેવામા આવી રહી છે. ૪૦૦૦ લોકોને બચાવી લેવામા આવ્યા છે. એરફોર્સ દ્વારા ૨૦ટન રાહત સામગ્રી પહોંચાડવામા આવી છે. આસામમાં કુલ ૭૬૮ રાહત કેમ્પો સ્થાપિત કરવામા આવ્યા છે જેમા ૪.૮૪ લાખ લોકો આશરો લઈ રહ્યા છે. સિંહે કહ્યુ હતુ કે રાજ્ય સરકારે પૂરતા અનાજની વ્યવસ્થા કરી છે. કેન્દ્ર ઝડપથી જરૂર પડશે તો વધારાની સામગ્રી પણ ઉપલબ્ધ કરાવશે. સિંહનુ કહેવુ છે કે નુકસાનગ્રસ્ત રેલવે લાઈનો ફરીથી પુનઃ સ્થાપિત કરવા રેલવે મંત્રાલય દ્વારા તાત્કાલિક ધોરણે પગલા લેવામા આવશે. પૂરના કારણે બારતખીણ, ત્રિપુરા અને મિઝોરમમા સંપર્ક કપાઈ ગયો છે.

## અદાણી ૧૨૦૦ કરોડના ખર્ચે હવે ટર્મીનલ બનાવશે

મુંબઈ,તા.૨

અદાણી પોર્ટ અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોને આજે કહ્યુ હતુ કે ગુજરાતમાં ૧૨૦૦ કરોડના ટર્મિનલની રચના કરવા એક સમજૂતી પર હસ્તાક્ષર કરવામા આવ્યા છે. અદાણી પોર્ટ તેના વાર્ષિક કાર્ગો હેન્ડલીંગ ક્ષમતાને વર્ષ ૨૦૨૦ સુધી ૨૦૦ મિલિયન એમટી સુધી લઈ જવાની યોજના ધરાવે છે. એક નિવેદન જારી કરીને કંપનીએ કહ્યુ છે કે કંડલાપોર્ટ સાથે એક સમજૂતી પર હસ્તાક્ષર કરવામા આવ્યા છે. કોલસા અને આયર્ન ઓરના પરિવહન માટે આ સમજૂતી કરવામા આવી છે. અદાણીપોર્ટ અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનની ગૌણ સંસ્થા અદાણી કંડલા બલ્ક ટર્મીનલે કંડલાપોર્ટ ટ્રસ્ટ સાથે એક સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે.



કંડલાપોર્ટ ખાતે ટર્મીનલ સ્થાપિત કરવામા આવશે. અદાણીપોર્ટ એન્ડ સ્પેશ્યલ ઈકોનીમિક ઝોનના ડિરેક્ટર રાજીવ સિંહાએ કહ્યુ છે કે અમે વાર્ષિક ૧૯થી ૨૦ મિલિયન ટનની ક્ષમતા સાથે ડ્રાય બલ્ક ટર્મીનલની સ્થાપના કરવા માટે ૧૨૦૦ કરોડનુ રોકાણ કરવા જઈ રહ્યા છે. સિન્હાએ ઉમેર્યુ હતુ કે આ ટર્મીનલ આગામી ૨૪ મહિનામા તૈયાર થઈ જશે. આશરે ૨૦૧૪ સુધી આને તૈયાર કરી દેવામા આવશે. અદાણી પોર્ટ એન્ડ સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનની હાલની કાર્ગો ક્ષમતા ૧૫૦ મિલિયન ટન પ્રતિ વાર્ષિક છે. કંપની આમાં ૨૦ મિલિયન ટન પ્રતિ વાર્ષિક વધારવાની યોજના ધરાવે છે. નિવેદનમા જણાવવામા આવ્યુ છે કે અમારો હેતુ ૨૦૨૦ સુધી કાર્ગો હેન્ડલીંગની ક્ષમતા ૨૦૦ મિલિયન ટન પ્રતિ વાર્ષિક લઈ જવાની છે. સિન્હાએ ઉમેર્યુ હતુ કે આના માટે તમામ તૈયારીઓ ચાલી રહી છે.

## રાષ્ટ્રપતિ ચુંટણી પ્રણવની દાવેદારીને પડકાર

નવી દિલ્હી,તા.૨

રાષ્ટ્રપતિની ચૂંટણીમાં યૂપીએના ઉમેદવાર પ્રણવ મુખર્જીની દાવેદારી સામે એનડીએના ઉમેદવાર પીએ સાંગમાએ ગંભીર પ્રશ્નો ઉભા કરી દીધા છે. સાંગમા અને જનતાપાર્ટીના પ્રમુખ સુબ્રમણ્યમ સ્વામીએ પ્રણવના નોમિનેશન પર પ્રશ્નો ઉઠાવતા પ્રણવના નોમિનેશનને રદ્દ કરાશે તેને લઈને જોરદાર ચર્ચા છેડાઈ ગઈ છે. એનડીએનો ટેકો ધરાવતા રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર સાંગમાએ કહ્યુ છે કે પ્રણવ મુખર્જી લાભના હોદ્દા ઉપર છે. જેથી રાષ્ટ્રપતિ પદ માટે તેમની ઉમેદવારી રદ્દ થવી જોઈએ. સાંગમાએ રાજ્યસભામાં ફરિયાદ દાખલ કરાવી દીધી છે. હવે તમામની નજર રાજ્યસભા મહાસચિવ ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે. મહાસચિવ હવે સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ કરશે. અત્રે નોંધનીય છે કે પ્રણવ મુખર્જી ભારતીય આંકડાકીય સંસ્થાના ચેરમેન છે. રાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારી દાખલ કરવાની છેલ્લી તારીખ ૩૦મી જૂન હતી. જનતા પાર્ટીના વડા સુબ્રમણ્યમ સ્વામીએ પણ પ્રણવની દાવેદારી સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમણે કહ્યુ છે કે પ્રણવની દાવેદારી રદ્દ થશે. સ્વામી સોસિયલ નેટવર્કીંગ સાઈટ



ટ્વિટર ઉપર જણાવ્યુ છે કે નોમિનેશન ફોર્મની ચકાસણી એકાએક આવતીકાલ સુધી સ્થગિત કરી દેવામા આવી છે. આ બાબત પણ ગેરબંધારણીય છે. સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યુ છે કે સોનિયા ગાંધી હવે શુ કરે છે તેના ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. બીજી બાજુ કોંગ્રેસ તરફથી સાંગમાના આક્ષેપોને ફગાવી દેવામા આવ્યા છે અને કહ્યુ છે કે પ્રણવ મુખર્જી નાણામંત્રી તરીકે આ સંસ્થામા ચેરમેન હતા. જેથી આ સંસ્થાના પદ ઉપર રહેવાનો હવે પ્રશ્ન નથી. ભારતીય આંકડાકાયી સંસ્થાએ પણ આક્ષેપોને રદિયો આપ્યો છે અને કહ્યુ છે કે પ્રણવ મુખર્જી સંસ્થાના ચેરમેન તરીકે રાજીનામુ આપી ચુકયા છે. સંસ્થાના જણાવ્યા મુજબ પ્રણવ ૨૦મી જૂનના દિવસે હોદ્દા પરથી રાજીનામુ આપી ચુકયા છે. પ્રણવની દાવેદારી સામે આક્ષોપોનો દોર ચાલી રહ્યો છે. ઓરિસ્સાના મુખ્યમંત્રી અને બીજેડીના નેતા નવીન પટનાયકે કહ્યુ છે કે પ્રણવ મુખર્જી રાષ્ટ્રપતિ પદ પર ચુંટાઈ આવવા માટે વોટ ખરીદી રહ્યા છે. તેમનો આક્ષેપ છે કે બિહાર, બંગાળ અને ઉત્તર પ્રદેશને વધારે નાણા આપીને તેમના સમર્થન માટેના પ્રયાસ થઈ રહ્યા છે જો કે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે આ આક્ષેપોને રદિયો આપ્યો છે. જેડીયૂએ કહ્યુ છે કે પ્રણવ રાષ્ટ્રપતિ બનવાથી દેશને ફાયદો થશે. રાજ્યને મળી રહેલા ફંડ સાથે આના કોઈ લેવા દેવા નથી.

### પ્રણવ મુખર્જી લાભપ્રદ હોદ્દા પર નથી : બંસલ

નવી દિલ્હી,તા.૨

પીએ સાંગમાના દાવા અને વાંધાઓને ફગાવી દઈને સરકારે આજે કહ્યુ હતુ કે યૂપીએના રાષ્ટ્રપતિપદના ઉમેદવાર પ્રણવ મુખર્જીએ ઉમેદવારી નોંધાવતા પહેલા જ ભારતીય આંકડાકીય સંસ્થાના અધ્યક્ષ પદેથી રાજીનામુ આપી દીધુ હતુ અને હવે તેઓ લાભના કોઈપણ હોદ્દા ઉપર નથી. સંસદીય બાબતોના પ્રધાન પવન કુમાર બંસલે કહ્યુ હતુ કે પ્રણવ મુખર્જી ઉમેદવારી નોંધાવવાના એક સપ્તાહ પહેલા જ ૨૦મી જૂનના દિવસે ભારતીય આંકડાકીય સંસ્થાના અધ્યક્ષ તરીકે રાજીનામુ આપી દીધુ હતુ. સાંગમાએ એવી માંગ કરી હતી કે પ્રણવ મુખર્જીની દાવેદારીની રદ્દ કરી દેવામા આવે કારણ કે તેઓ લાભના હોદ્દા ઉપર છે. સાંગમાના દાવાના કલાકો બાદ જ બંસલે પોતાની પ્રતિક્રિયા આપી હતી. બંસલ આ ચૂંટણીમાં પ્રણવ મુખર્જીના સત્તાવાર પ્રતિનિધી તરીકે છે. તેમણે કહ્યુ હતુ કે સાંગમાની માંગણી બાદ તેઓ કેન્દ્રીય ગૃહ પ્રધાન પી ચિદમ્બરમને મળ્યા હતા. મુખર્જીએ એમ પણ કહ્યુ હતુ કે અરજી દાખલ કરતા તેઓ રાજીનામુ આપી ચુક્યા છે. બંસલે કહ્યુ હતુ કે પ્રણવ મુખર્જી આ સંબંધમાં આવતીકાલે લેખિતમા જવાબ આપશે. સાંગમાનો દાવો બિલકુલ અયોગ્ય છે અને કાયદાકીય રીતે ટકી શકશે નહી.

## એલપીજી-ડીઝલના ભાવમાં વધારો ઝીંકવા માટેની તૈયારી

નવી દિલ્હી,તા.૨

આયોજનપંચના નાયબ અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયાએ ડીઝલ અને એલપીજીની કિંમતમાં વધારો કરવાની તરફેણ કરી છે. તેમણે કહ્યું છે કે નાગરિક ઉડ્ડયનમાં વિદેશી સીધા મૂડીરોકાણ (એફડીઆઈ) માટેના નિયમોને હળવા કરવાની પણ જરૂર છે. ઉપરાંત રિટેલ ક્ષેત્રમાં એફડીઆઈ નિયમોમાં પણ સુધારા કરવાની જરૂર ઊભી થઈ છે. તેમણે ભારપૂર્વક કહ્યું છે કે વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વ હેઠળ નાણાં મંત્રાલય મૂડીરોકાણકારોની અંદર પ્રવર્તી રહેલી અનિચિતતાને ઝડપથી દૂર કરશે. વડાપ્રધાનના લાંબા સમયના મિત્ર આહલુવાલિયાએ એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે વિદેશી મૂડીરોકાણકારોને વિશ્વાસમાં લઈને આગળ વધવામાં આવે તે જરૂરી છે. કારણ કે આનાથી મૂડીરોકાણ વધશે તથા સાથે સાથે રોકાણકારોને આત્મવિશ્વાસને વધારી શકાશે. આહલુવાલિયાએ અન્ય ઘણા મુદ્દાઓ ઉપર પણ વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે સૂચિત જનરલ એન્ટી એવોઈડન્સ નિયમ (જીએએઆર)ના મામલે રોકાણકારોને નિશ્ચિત ખાતરી આપવી જોઈએ. સુધારા પ્રક્રિયાના કારણે ઘણી ગૂંચવણભરી સ્થિતિ પ્રવર્તી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે માત્ર વોડાફોનનો કિસ્સો જ નથી પણ અન્ય ઘણા મામલા તરફ પણ ધ્યાન આપવાની જરૂર છે. ટેક્સ સુધારા તરફ ઝડપથી ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. આહલુવાલિયાનું કહેવું છે કે મૂડીરોકાણને પ્રોત્સાહન આપવાની બાબત ખૂબ જ જરૂરી છે. કારણ કે એકંદરે જીડીપી વિકાસદર આ વર્ષે ૬.પથી ૭ટકા વચ્ચે રહેવાની શક્યતા છે. અગાઉ નવ ટકાનો જીડીપી વિકાસદર હતો. સાથે સાથે તેઓએ ભૂતપૂર્વ નાણાંમંત્રી પ્રણવ મુખરજીના પગલાંનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે જીએએઆરના અમલીકરણને મોકૂફ રાખવાનો નિર્ણય તેમના દ્વારા કરવામાં આવ્યો છે પરંતુ જીએએઆર મામલે વધુ ચકાસણી કરાશે.

## મે માસ નિકાસમાં ૪.૧૬ ટકાનો થયેલો મોટો ઘટાડો

નવી દિલ્હી,તા.૨

સરકાર દ્વારા જારી કરવામા આવેલા નવા આંકડામા જણાવવામા આવ્યુ છે કે મે મહિનામા ભારતની નિકાસમાં ૪.૧૬ ટકાનો ઘટાડો થયો છે. આની સાથે જ મે મહિનામાં ૨૫.૬૮ અબજ ડોલરની નિકાસ થઈ છે. જ્યારે આયાતમાં ૭.૩૬ ટકાનો ઘટાડો થતા સપાટી ૪૧.૯ અબજ ડોલર રહી છે. મે મહિનામા વેપારી ખાધ ૧૬.૩ અબજ ડોલર રહી છે. જ્યારે તેલ આયાત ૧૪.૦૨ ટકા વધી છે. એપ્રિલથી મેમા નિકાસના આંકડામાં ઉતારચઢાવની સ્થિતિ રહી છે.ગયા વર્ષે નિકાસ વધારે રહી હતી. ગયા વર્ષે ૩૦૩.૭ અબજ ડોલરની નિકાસ થઈ હતી અને તેમા ૨૦ ટકા સુધીનો વધારો થયો હતો. પરંતુ આ વખતે મે મહિનામા નિકાસમાં ૪.૧૬ ટકાનો ઘટાડો થયો છે. અધિકારીઓનુ કહેવુ છે કે નિકાસમા ઘટાડો થવા માટે કેટલાક કારણો જવાબદાર છે જેમા વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતા મુખ્યરીતે કારણરૂપ છે.

## ઈટાલીને ૪-૦થી હરાવી સ્પેન ફરી વખત યૂરો ચેમ્પિયન

કિવ,તા.૨

સ્પેનો યૂરોપિયન કપ ફુટબોલ ચેમ્પિયનશીપની ફાઈનલમાં ઈટાલીને ૪-૦થી કચડી નાખીને યૂરોપમાં પોતાની સર્વોપરિતા જાળવી રાખવામાં સફળતા મેળવી છે. બીજી બાજુ સ્પેનની યૂરોપિયન સર્વોપરિતાનો અંત લાવવામાં ઈટાલી સફળતા મળી નથી. આ જીતની સાથે જ સ્પેને સર્વશ્રેષ્ઠ ટીમ હોવાની સાબિતી પણ આપી હતી. પ્રથમ હાફમાં સ્પેને બે ગોલ કરી દીધા હતા અને ઈટાલીની છાવણીમાં સોપો પાડી દીધો હતો. જર્મનીને સેમીફાઈનલમાં હાર આપી ભારે આશા જગાવનાર ઈટાલીના ખેલાડીઓ ફાઈનલમાં કંગાળ દેખાવ કરી શકયા હતા. સ્પેન સામે ઈટાલીના ખેલાડીઓ ટકી શક્યા ન હતા. સ્પેને સતત બીજી વખત યૂરો કપ જીતવામાં સફળતા મેળવી છે. સ્પેન તરફથી ફાઈનલ મેચમાં જે ખેલાડીઓએ ગોલ કર્યા હતા તેમાં સિલ્વા, અલ્વા, ટોરેસ, માટાનો સમાવેશ થાય છે. સતત બીજી વખત યૂરોપિરનય ચેમ્પિયનશીપ જીતીને સ્પેને ત્રણ વખત યૂરો કપ જીતવાના જર્મનીના રેકોર્ડની પણ બરોબરી કરી લીધી છે. સ્પેને આ અગાઉ વર્ષ ૧૯૬૪ અને ૨૦૦૮માં યૂરો સ્પર્ધા જીતી હતી. ફાઈનલ મેચ જોવા માટે મોટી સંખ્યામાં ચાહકો કિવમાં ઉપસ્થિત હતા. સાથે સાથે વિશ્વભરના કરોડો ફુટબોલ ચાહકો પણ મોડીરાત્રે ટેલિવિઝન ઉપર ગોઠવાઈ ગયા હતા. ભારતમાં નિયો પ્રાઈમ ઉપરથી આ મેચનું જીવંત પ્રસારણ ૧૨.૧૫ વાગ્યાથી કરવામાં આવ્યું હતું. ઈટાલી અને સ્પેન બંને પાસેથી સારા દેખાવની અપેક્ષા રાખવામાં આવી હતી. પરંતુ ઈટાલીએ નિરાશાજનક દેખાવ કર્યો હતો. આવતીકાલની ફાઈનલ મેચ પહેલા બંને ટીમો વચ્ચે કુલ ૨૬ મેચો રમાઈ હતી જેમાં ઈટાલીની આઠ વખત જીત થઈ હતી. જ્યારે સ્પેનની સાત વખત જીત થઈ હતી.

### વિચાર યાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

મધ્યમ વર્ગનો માણસ દંભી રાજનેતાઓ અને કાળા બજારીયાઓથી પોતાના પરિવારના માળાને બચાવવા માટે આવા જ હવાંતીયા મારતો નજરે ચડે છે... કયાં કયાં આપણે પહોંચી શકવાના છીએ!

રોજ રોજ છાપામાં ખબર આવે છે, કે બાળકો ગુમ થાય છે, અને પછી તેનો મૃતદેહ મળે છે... 'સુનતા ભી દીવાના કહેતા ભી દીવાના...' ન્યાયે બિચારો મીકલ કલાકીયો ચક્કર કાપતો રહે છે...

આવા કેટ-કેટલા બાઘડ બિલ્લાઓથી પરિવારને બચાવતા રહેશું. માસૂમ ભૂલકાઓને - બહેન - દીકરીઓને ઘરની બહાર જવા દેવામાં ડર લાગે છે... ગુજરાતમાં સલામતીના વિષયમાં શાંતિ છે... પરંતુ ઉત્તર ભારતના કેટલાક શહેરોમાં સાંજે સાત પછી અવરજવર ઓછી થઇ જાય છે... આમાં આપણા દેશની રાજધાની પણ બાકાત નથી...

રક્ષક જયાં ભક્ષક બને અને ખુદ વાડ જયાં ચીમડાં ગળે,
ફરિયાદ કોને, કયાં જઇ કરવી કહો ત્યાં આપણે?

આ બધી પરિસ્થિતિઓ માટે કોઇ સરકારને દોષ દેવા કરતા આપણે પોતે જ સમાજ પર દૃષ્ટિપાંત કરવાની જરૂર છે... સમાજ એ મારા તમારા વ્યક્તિઓની જ બનેલો છે... માણસનું સરેરાશ ચારિત્ર્ય ધીરે - ધીરે તળીયે આવતું જાય છે, અને માટે જ ખૂન, ચોરી, અપહરણ, બળાત્કાર જેવી ઘટનાઓ છાશવારે બનતી રહે છે.

આજે માણસને સારા થવા કરતાં સારા દેખાવામાં વધુ રસ છે... સારા થવું એ ચારિત્ર્ય છે જયારે સારા દેખાવામાં ચતુરાઇ છે.

પગમાં લાકડીઓ બાંધીને ચાલનાર માણસ ઊંચો દેખાય છે, પરંતુ ઊંચો હોતો નથી... સમાજમાં કથિત સજ્જનો ઊંચા દેખાવા માટે લોકોની કાંધે ચડી બેસે છે...

આપણું ભણતર અને શિક્ષણ પર આપણને ચારિત્ર્યના નહીં પરંતુ ચતુરાઇના જ પાઠ શીખવે છે. સામાજિક મૂલ્યોનો હ્રાસ થવાથી માનવ પરસ્પરનો વિશ્વાસ ખોઇ બેઠો છે.

આત્મા વગરનો દેહ બિહામણો, સમજ વગરનો સમાજ વેવલો, ધર્મ વગરનું ધન નકામું, ચારિત્ર્ય વગરની ચતુરાઇ વિનાશક, અને નૈતિક મૂલ્યો વગરનું રાષ્ટ્ર એટલે અંધેર રાજ.

સમાજમાં રહેલા તથા આપણામાં છૂપાયેલા આવા બાઘડ બિલ્લાઓને દેશનિકાલ આપી દેઇએ. આખા સમાજ પર કાળી ટીલડી સમાન અસામાજિક તત્ત્વો મુઠ્ઠીભર છે, જયારે સરેરાશ સજ્જનોની સંખ્યા ઘણા મોટા પ્રમાણમાં જોવા મળે છે... પરંતુ તેમની નિષ્ક્રીયતા સમાજ માટે ખૂબ જોખમકારક છે.

અને એટલા માટે જ જો આપણામાં કંઇક સજ્જનપણું બાકી બચ્યું હોય તો, તેને છુપાવી ન રાખીયે બહાર કાઢીએ... અંતતોગત્વા છેલ્લે તો આપણી જાગૃતિથી આપણા માળામાં છેલ્લે તો આપણી સલામતી મળવાની છે...

### સર્વિસ ટેક્સ સલમાન ખાન, આમિર, અક્ષયને વધુ મુશ્કેલી

મુંબઈ, તા.૨

સર્વિસ ટેક્સના કારણે સલમાન ખાન, અક્ષય કુમાર, આમિર ખાન અને શાહરૂખ ખાનને વધારે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. નવી સર્વિસ ટેક્સની વ્યવસ્થા અમલી બનાવી દેવામાં આવી છે. સૌથી વધુ કમાણી કરનાર કલાકારોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. સરકારે કલાકારો પર પણ ટેક્સ લાદવાનો નિર્ણય કર્યો છે. નવી વ્યવસ્થા પહેલી જુલાઈ ૨૦૧૨થી અમલી બનાવી દેવામાં આવી છે. એસોસીએશન ઓફ મોસમ પિક્ચર એન્ડ ટીવી પ્રોગ્રામ્સ પ્રોડ્યુસરના ઉપપ્રમુખ અને નિર્માતા મુકેશ ભટ્ટે કહ્યું છે કે સરકારની નીતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી વિરોધી છે. આ ટેક્સ શરાબ અને તમાકુ ઈન્ડસ્ટ્રી જેવા જ છે.

### શ્રુતિ બંધનમ્ (પાના નં. ૪ નું ચાલુ)

વ્યક્તિ પોતાના સામર્થ્યને પ્રસારમાં લાવવા મથે છે અને કેટલાય ગોથાં ખાય છે. ઈશ્વરના સામ્રાજયને સમજવામાં ખૂબ મોટી મથામણ કરવાની નથી. જીવનમાં હરપલ એવો અહેસાસ થયા કરે કે 'હે ઈશ્વર તું ધબકી રહ્યો છે મારામાં તારી અગંત કૃપાઓ હું ભોગવી રહ્યો છું.' કયારેક ક્ષતિનો પણ સ્વીકાર કરીને જીવવું તેનું નામ જ ઈશ્વર પરાયણતા.

એકમાત્ર ઈશ્વર પ્રત્યેની વફાદારી આપણી પ્રગતિમાં જોમ પુરવા પુરતી છે. બાળકના જીવનમાં ઈશ્વરનો સ્પર્શ ત્યારે ભરી શકીએ જયારે આપણી દષ્ટિમાં ઈશ્વરની સનાતન સ્વીકાર્ય વૃત્તિનો સ્પર્શ હોય. આ સૃષ્ટિમાં જન્મેલા હરેક બાળકમાં નરેન્દ્ર સ્વસે છે. તેમાં પણ સ્વામી વિવેકાનંદની ગુણાતીત વૃત્તિ પડેલી છે. તેનામાં પણ ભારતીય સંસ્કૃતિની ઝળહળતી ક્ષણોના અંશ છે. તેનામાં ઋજુતા - દયા અને સદ્ભાવની મિસાલ ખડી કરવાની ક્ષમતા છે. ફક્ત તે માટેનો આશાવાદ જગવવાની જરૂર છે. સ્વામીજીના જ્ઞાનવારસામાં શ્રધ્ધેય થયા વિના આ કામ સરળ નથી. કૂંપળની પેઠે ડોકિયું કરીને હરેક બાળક હસવા તલપાપડ છે. પતંગિયાની પાંખોના રંગોની અજબ-ગજબ લીલા બાળકના ચહેરે ચોંટેલી જ છે. પોયણાંની પાંખડીઓ ખૂલતાં વાર શી લાગે? આકાશે ઉગતા સૂરજની જ વાટ જોવાય છે. અહીં ગગન તળે ધરાતલ ઉપર સગળું આનંદ કરવાને એકઠું થયું છે, એટલે આનંદ જ આનંદ છે...!

**સ્વીટ રેઇન :**

મારાં બાળકો! યાદ રાખજો કે ડરપોક અને નિર્બળ માણસો હંમેશાં નીતિમાન અને અસત્ય બોલે છે. બહાદુર બનો અને સહૃદયતાવાળા બનો.

- સ્વામી વિવેકાનંદ